ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:-03 તા.20-08-2021

# ટીકાકારોએ ભાજપની રસી કહી આપણા દેશના વૈજ્ઞાનિકોનું અપમાન કર્યું છે:- શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજી

# ખેડૂતોના હિતમા જ ભારતની સરકાર અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કામ કરે છે:- શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજી

કેન્દ્રના મંત્રીશ્રી પરષોત્તમભાઇ રૂપાલાજીની જન આશિર્વાદ યાત્રાનો બીજો દિવસ છે. આજે શ્રી પરસોત્તમ રૂપાલાજીની જન આશિર્વાદ યાત્રા મોરબીથી શરૂ થઇ, ટંકારા, પડધરી, સાપર વેરાવળ, ત્રંબા થઇ સરધાર ખાતે પૂર્ણ થઇ. આ યાત્રામાં મોરબી અને ટંકારા ખાતે સન્માનીત અગ્રણીઓ દ્વારા શ્રી પરસોત્તમભાઇ રૂપાલાજીનો અભિવાદન સમારોહ યોજાયો હતો.

મોરબી ખાતે અભિવાદન સમારોહમાં શ્રીપરષોત્તમભાઇ રૂપાલાજીએ યાત્રાની શરૂઆતમાં શ્રીપરષોત્તમભાઇ રૂપાલાજીએ વેક્સિનેશન કેન્દ્રની મુલાકાત કરી અને વેક્સિનેશન માટે સારી વ્યવસ્થા જોઇ સંસ્થાની કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા. સમારોહમાં જન આશિર્વાદ યાત્રાને આશિર્વાદ આપવા આવેલ દરેક પૂ.સંતોને પ્રણામ અને વંદન કર્યા. શ્રીપરષોત્તમભાઇ રૂપાલાજીએ કેન્દ્ર સરકાર હાલ જે કપરા સમયમાં જનતાની સેવા કરી રહી છે તેમાં સફળતા મળે તે માટે આશિર્વાદ લેવા આવ્યા હોવાનું જણાવ્યું. આજે મોરબીથી યાત્રાની શરૂઆતમાં મોટી સંખ્યામાં મોરબી વાસીઓનો ઉત્સાહ, ઉમંગ સાથે આશિર્વાદથી કાર્યક્રમનો પ્રારંભ થયો છે તે બદલ મોરબી જીલ્લાની ટીમને શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજીએ અભિવાંદન આપ્યા.

શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજીએ સંબોધનમાં જણાવ્યું કે, કેટલાક વિરોધ પક્ષના આગેવાનો અને કેટલાક તાજા ખેડૂત પ્રેમીઓ કે જે એમ.એસ.પી અંગે ખોટી અફવાહ ફેલાવી રહ્યા છે. આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઐતિહાસીક નીર્ણય કર્યો કે ખેડૂતોની પડતર કિંમત પર 50 ટકા નફો ઉમેરી એમ.એસ.પી જાહેર કરવી છે. છેવાડાના ખેડૂતને પણ એમ.એસ.પી પ્રમાણેનું મુલ્ય મળે તે દિશામાં પ્રયાસો કર્યો છે. ખેડૂતોને પગભર કરવા આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ત્રણ કાયદા લાવ્યા છે સાથે કૃષિ કાયદા અંગે ખેડૂતોને માહીતી આપી. પાક વિમા પ્રિમિયમ ભરવામાં ખેડૂતોની સંખ્યા વધી છે. 5 કરોડ 92 લાખ ખેડૂતોએ પ્રિમિયમ ભર્યુ છે. ખેડૂતોના હિતમા જ ભારતની સરકાર અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કામ કરે છે. ભારત સરકારના એગ્રીકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ જેની એક લાખ કરોડ રૂપિયા છે તેનો લાભ માર્કેટ યાર્ડને

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આપવાનો ઠરાવ પસાર કર્યો છે. આ સાથે શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજીએ કોરોના કાળમાં સરકારે જે રીતે કામગીરી કરી તે અગેં પણ મોરબી વાસીઓને માહીતી આપી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દુનિયામાં આપણા દેશની શાખ વધારી છે, જન આશિર્વાદ યાત્રામાં કોંગ્રેસ પર ટિકા કરવી નથી અને ટીકા કરવા જેવું પણ કઇ રહ્યુ નથી. શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજીએ મોરબી માર્કેટ યાર્ડમાં યોજાયેલા સન્માન સમારોહ કાર્યક્રમ પછી પત્રકાર પરિષદ સંબોધી હતી. જેમાં તેમણે જણાવ્યું કે દૂધમાં ભેળસેળ કરનારનો હું બચાવ નથી કરતો પણ વૈશ્વીક લેવલે સૌથી વધુ દુધનું ઉત્પાદન કરતા આપણા દેશ ભારતને બદનામ કરવાનું ષડયંત્ર છે.

ટંકારા ખાતે શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજીએ સંબોધન કરતા જણાવ્યું કે ટંકારા ખાતે જન આશિર્વાદ યાત્રામાં સંતો સાથે વિશાળ સંખ્યામાં જનતાના આશિર્વાદ પ્રાપ્ત થયા તેની આજે અનુભૂતિ થઇ. નરેન્દ્રભાઇ મોદી સાહેબ વડાપ્રધાન બન્યા પછી ઘણા ફેરફારો થયા જેમાં નરેન્દ્રભાઇ મોદી સાહેબે પહેલા યુનોમાં ભલામણ કરી કે યોગને "વિશ્વ યોગ દિવસ" તરીકે ઉજવવો જોઇએ અને યુનોએ પણ ભલામણ સ્વીકારી, યોગ વિદ્યાએ આપણા ઋષિઓએ કરેલ સર્જન છે. યોગને દુનિયા જુદી રીતે જોતી હતી આજે યોગ દિવસના દિવસે ભારતમાં જેટલા કાર્યક્રમો થતા હશે તેના કરતા સમગ્ર દુનિયામાં યોગ અંતર્ગત કાર્યક્રમો વધારે થાય છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ભારતને વિશ્વગુરુ બનાવવાનું કામ કર્યુ છે. કોરોનાના કપરા કાળમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં સમગ્ર દેશ એક થઇ લડયો.

શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજીએ જણાવ્યું કે ટીકાકાર કહેતા કે ઘંટડી વગાડવાથી કોરોના થોડી જવાનો? દિવડા પ્રગટાવાથી કોરોના થોડી જવાનો? પરંતુ દેશવાસીઓ કોરોના વોરિયર્સનો ઉત્સાહ વધારતા હતા. લોકોમાં જાગૃતિ વધી હતી. કોરોનાના કપરા કાળમાં કુશળ નેતૃત્વને કારણે આપણો દેશ આબાદ રીતે બચ્યુ આપણી પાસે સાધનો ન હતા. શરૂઆતમાં કોરોના ટેસ્ટ અંગે માત્ર એક લેબોરેટરી હતી. આજે ભારતમાં 3 હજાર લેબમાં કોરોનાનું ટેસ્ટીગ થાય છે. આ માટે જોઇતા સાધનો અને જોઇતી તમામ જરૂરિયાતો આપણા વડાપ્રધાનશ્રી તાત્કાલીક ઉપલબ્ધ કરાવી. આજે ત્રીજી સંભવીત લહેર પહેલા કેન્દ્ર સરકાર અને રાજય સરકારે તમામ વ્યવસ્થા કરી દીધી છે. શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજીએ સભામાં હાજર દરેક લોકોએ માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરી રહ્યા છે તે માટે સ્થાનિક કાર્યકરોને વ્યવસ્થા માટે અભિનંદન પાઠવ્યા.

શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજીએ વધુમાં જણાવ્યું કે ભૂતકાળમાં બીજા દેશો પહેલા રસી બનાવે અને ત્યાના લોકોને રસી આપે પછી આપણો વારો આવતો આ રીતે રસી મળતી એવો આપણો ભૂતકાળનો અનુભવ રહ્યો છે. પરંતુ આપણા વડાપ્રધાને આપણા દેશના વૈજ્ઞાનિકોને પ્રોત્સાહન આપ્યું, જરૂરી સાધનોની વ્યવસ્થા કરાવી એના પરિણામે આપણા દેશના વૈજ્ઞાનિકો રસી બનાવવામાં સફળ થયા છે અને તેમને વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવ્યા કે આપણને એક નહી બે રસી આપી દીધી. સાથે તેમણે તેમના કાર્યક્રમમાં બેઠેલા દરેક વ્યકિતએ રસી લીધી હોવાથી અભિનંદન પણ પાઠવ્યા. દેશભરમાં 55 કરોડ લોકોને રસી આપવામાં આવી છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

સાથે ટીકાકરો પર શાબ્દિક પ્રહાર કર્યો કે કેટલાક ટીકાકારોએ ભાજપની રસી કહી આપણા દેશના વૈજ્ઞાનિકોનું અપમાન કર્યું છે.

આદરણીય વડાપ્રધાનશ્રીએ દેશના દરેક નાગરિકને ફ્રીમાં કોરોનાની રસી ઉપલબ્ધ કરાવી છે. 135 કરોડના દેશને ફ્રીમા રસી આપવાનો નિર્ણય આપણા વડાપ્રધાને કર્યો છે. બજેટમાં 35 હજાર કરોડ રૂપિયાની વ્યવસ્થા માત્ર રસી માટે નિર્મલાજીએ કરી હતી. ગુજરાતની વાત કરીએ તો 4 કરોડ નાગરિકોને રસી આપવામાં આવી છે. રસીની હરિફાઇમાં આપણી સાથે દુનિયાનો કોઇ દેશ નથી. આપણો દેશ આગળ છે, સાથે જણાવ્યું કે જનતા જે સમય નીકાળી આ જન આશિર્વાદ યાત્રાને વધાવા, સમર્થનમાં આવી રહી છે તે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નિર્ણયો, કરેલ કામોને જનતા આશિર્વાદ આપી રહી છે.

આ કાર્યક્રમમાં મંત્રીશ્રી આર.સી.ફળદુ, સાંસદશ્રી મોહનભાઇ કુંડારિયા, પ્રભારી અને મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ, ધારાસભ્યશ્રી બ્રિજેશભાઈ મેરજા, પ્રદેશ ઉપપ્રમુખશ્રી જયંતિભાઈ કવાડીયા, પૂર્વ ધારાસભ્યશ્રી કાંતિલાલ અમૃતિયા, જીલ્લા પ્રમુખશ્રી દુર્લભભાઈ દેથરિયા, ટંકારાના આગેવાન અને યાર્ડના ચેરમેનશ્રી ભવાનભાઇ, પ્રદેશ અને જીલ્લાના આગેવાનો અને કાર્યકરો સહિત મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)